©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] THURSDAY, AUGUST 14, 2025 / SRAVANA 23, 1947 [No. 33

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	2657-2761
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	33
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	65
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1215-1259

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬) ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંકઃG/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૨૦૨૫.- વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી-જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત એકટ કલમ ૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રીને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

અમલવારીનો સમય તથા વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખઃ૧૨/૦૧/૨૦૨૫ ના કલાક ૦૧:૦૦ થી તારીખ : ૨૬/૦૧/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો તથા તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના રચનાં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ

ક્રમાંકઃG/CP/વિ.શા./હથિયાર બંધી-જાહેરનામું/૨૦૨૫.- વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમો કરુ છુંકે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૨/૦૧/૨૦૨૫ ના કલાક : ૦૧/૦૦ થી તા.૨૬/૦૧/૨૦૨૫ ના કલાકઃ૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર તથા શારીરિક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/ દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતન કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહિ.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંધન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૩ (૧)(એફ) અન્વયે કાઢેલ.

ક્રમાંક : G/CP/વિ.શા./ જાહેરનામું/ધ્વનિ પ્રદુષણ/૨૦૨૫.-વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાઈ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નંગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪-૫-૨૦૧૦ થી ધોંધાટ ઉત્પત્ર કરતા અને નિપજાવતા સ્ત્રોતાના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા. ૧૪-ફેબ્રઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૦૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		રેસીબલ DB(A) Leq	
		સવારના ક.૬-૦૦ થી રાત્રીના ક.૨૨-૦૦	રાત્રીના ૨૨-૦૦ થી સવારના ક.૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગની ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧-૧-૨૦૧૦ નાં સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રીના સમયગાળામાં રાત્રિના ક.૨૨-૦૦ થી સવારના ક.૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પત્ર થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

હુકમ

વાસ્તે હું નરસમ્હિા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબરઃજીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ-૧૪ નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબરઃજીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રુએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અમલનો સમય

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તાઃ૧૨/૦૧/૨૦૨૫ ના કલાક ૦૧-૦૦ થી તાઃ૨૬/૦૧/૨૦૨૫ના કલાકઃ૨૪-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈન્વેટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીક ના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેર માર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોવોલિટી સ્ટાન્ર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોવોલિટી સ્ટાન્ર્ડ હોવુ જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલ્લંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL:NGT:GENERAL:115(2)528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકિતએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/ લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનું વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

(૧) માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે.વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી-૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

(૨) વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

(૩) વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહી.

(૪) આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

(૫) આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહીં તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

(૬) અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરની પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

(૭) માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

(૮) અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક:૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

(૯) કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૧૦) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

(૧૧) ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહી.

(૧૨) માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

(૧૩) ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણઓ જપ્ત કરી કાયદેસર કરી શકશે.

(૧૪) ઉપરોકત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઈપણ સંજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામાના હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ જી.પી.એકટ કલમ-૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંકઃG/CP/વિ.શા./અનઅધિ.વ્યકિત જાહેરનામું/૨૦૨૫.-પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતાના પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગ દોરી કામ કરાવવા કે તેવી લાલચ જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુંકમ કરુ છું કે,

પોલીસ કમિશનર, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી(ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજ-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તા.૧૨/૦૧/૨૦૨૫ ના કલાક ૦૧:૦૦ થી તા.૨૬/૦૧/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે

અમલવારીનો સમય વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળને અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ-૧૩૫(૩) શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ભારતીય નાગરકિ સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ની કલમ-૬૩ (એ) (૨) અન્વયે કાઢેલ

ક્રમાંકઃG/CP/વિ.શા./સૈન્ય ગણવેશ-જાહેરનામું/૨૦૨૫.- (૧) ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યકિતઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારુની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉના સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસમાજીક તત્ત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિન અધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ(પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરુરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણાવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશાસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે, ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરુરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રુએ વાસ્તે હું નરસમ્હિા કોમાર, I.P.S., પોલીસ કમિશનરેટ, વડોદરા શહેર આથી હુકમ કરુ છું. વડોદરા શહેર પોલીસ કમિશ્રરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરુરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા તેની લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણે/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરુરી માહિતી જે ત પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યકિત/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

વેચાણ/ભાડે લઈ જનારની વિગત						સાધનોની વિગત		વિગત		ભાડે લઈ જનારની સહિ
અનુ. નં.	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામું	મો. નં.	હેતુ	વિસ્તાર	આઈ.ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	ભાડે આપ્યાની તારીખ	સમય	

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તા.૧૨/૦૧/૨૦૨૫ ના કલાક ૦૧:૦૦ થી તા.૨૬/૦૧/૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

જે વ્યકિતઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યકિતઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશ્રર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો તથા તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એકટ કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૦/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

વિષયઃ ચાઈનીઝ માઝાં/પ્લાસ્ટીક દોરી/ glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ રોકવા અંગે કાર્યવાહી કરવા બાબત.

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./૧૩૫/૨૦૨૫. ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર તથા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT), નવી દિલ્હી અને Hon High Court of Gujarat દ્વારા આપવામાં આવેલ હુકમ અન્વયે ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/ સીન્થેટીક માઝા/સીન્થેટીક પદાર્થોની કોટીંગ કરેલ હોય/નોન-બાયોડિગ્રેડેબલ/glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ), તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી અને પતંગ ચગાવવા માટે ઉપયોગમા લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવા બાબતે વિગતવારની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. પ્રતિબંધનો ભંગ કરનાર વિરુધ્ધ the Environment (Protection) Act,1986; the Prevention of Cruelty to Animals 1960; the Wildlife (protection) Act, 1972 અને ભારતીય ન્યાય સહિંતા ૨૦૨૩ વિગેરે હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે. વધુમાં અત્રેની કચેરીથી આ અંગેનું જાહેરનામું ક્રમાંકઃG/CP/વિ.શા./ મકરસક્રાંતિ જાહેરનામુ/૬૭૪૬/૨૦૨૪ તા.૦૯/૧૨/૨૦૨૪ તેમજ અત્રેની કચેરીના ક્રમાંક :જી/સીપી/વિ.શા./૬૮૮૮/૨૦૨૪થી બહાર પાડવામાં આવેલ સુચનાઓની ચુસ્ત અમલવારી કરાવવી.

(૨) આગામી તા.૧૪/૦૧/૨૦૨૫ ના રોજ યોજાનાર ઉતરાયણ પર્વ નિમિત્તે વડોદરા શહેરમાં પતંગ તથા દોરીના વેચાણ ચાલુ છે. આ સમયગાળા દરમ્યાન ચાઈનીઝ દરમ્યાન ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/ સીન્થેટીક માઝા/સીન્થેટીક પદાર્થોની કોટીંગ કરેલ હોય/નોન-બાયોડિગ્રેડેબલ/ glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ), તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી અને પતંગ ચગાવવા માટે ઉપયોગમા લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ થતો અટકાવવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવા સૂચના છેઃ

(i). ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/ glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વિગેરેના ઉપયોગથી મિલકત, માનવજીવ તથા પશુ-પક્ષીઓને શારિરીક ઈજાઓ થતી હોય છે અને તે જીવલેણ પણ બની શકે છે. તે માટે અન્વયે સ્થાનીક કક્ષાએ ACP કક્ષાના અધિકારી દ્વારા પતંગ દોરીનુ વેચાણ કરતા સ્થાનીક વિક્રેતાઓ/વેપારી મંડળો વિગેરે સાથે બેઠકો કરવી અને ઉપરોકત પ્રતિબંધ અંગે તેઓને જરૂરી સમજણ કરવી. અને પોલીસ સ્ટેશન/ફિલ્ડ ટીમ/પી.સી.આર વાનને જરૂરી સુચના-માર્ગદર્શન પુરૂ પાડવુ.

(ii) પો.સ્ટે.વિસ્તારમાં ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વિગેરે વસ્તુઓ પ્રતિબંધિત છે તથા તેમનો ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ કરવો તે ગેરકાયદેસર છે તે અંગે જાગૃતિ લાવવા market places ની મુલાકાત લઈ, સ્થાનિક કક્ષાએ વેપારીઓ/લારી ગલ્લાવાળાઓ/નાના વેપારીઓનો સંપર્ક કરી, તેમને સમજ કરવી. સાથે બેઠકો કરવી અને ઉપરોકત પ્રતિબંધ અંગે તેઓને જરૂરી સમજણ કરવી. અને પોલીસ સ્ટેશન/ફિકસ ટીમ/પી.સી.આર વાનને જરૂરી સુચના-માર્ગદર્શન પુરૂ પાડવુ.

(iii) આપના પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વિગેરે વસ્તુઓના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ અંગે સ્થાનિક કક્ષાએથી ગુપ્ત માહિતી મેળવી, શંકાસ્પદ સ્થળોએ છાપા મારવા તેમજ ડીકોય ગોઠવવી અને ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવી.

(iv) ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વિગેરે બાબતે જન જાગૃત્તિ ઉભી કરવા બજાર વિસ્તારોમાં (market places) તથા વ્યાપક પ્રમાણમાં પતંગો ઉડતા હોય તેવા વિસ્તારોમાં PCR vans/Polie Patrol Teams / SHE Tems મારફતે public address system (PAS) નો ઉપયોગ કરી પબ્લિક એનાઉન્સમેન્ટ કરવી અને જરુર જણાય ત્યા ઓટોરીક્ષા મારફતે પણ PASના ઉપયોગથી રેકોર્ડેડ ઓડીયો મેસેજનુ અસરગ્રસ્ત વિસ્તારોમાં નિયમીત રીતે પબ્લિક એનાઉન્સમેન્ટ કરાવવુ.

(v) ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વિગેરેના ગેરકાયદેસર ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ અંગે દાખલ થયેલ પ્રથમ માહિતી અહેવાલ (FIR) અંગેની તપાસ દરમ્યાન આ પ્રતિબંધિત વસ્તુઓનું ઉત્પાદન કયાં કરવામાં આવેલ, તેનો પુરવઠો (supply) કોણે અને કયાંથી કરેલ, સમગ્ર supply chain સાથે સંકળાયેલ ઈસમોના identity અને role બાબતે આરોપીઓની પુછપરછ કરવી. પુછપરછ દરમ્યાન મળેલ બાતમીના આધારે ઉત્પાદકો અને supply chain સાથે સંકળાયેલ ઈસમો ઉપર છાપા મારી ઉત્પાદન/વેચાણ બંધ થાય તે મુજબની કાર્યવાહી કરવી.

(vi) ટ્રાફીક શાખાની ટીમ અને સ્થાનિક પોલીસ સ્ટેશનની એક-એક ટીમ દ્વારા પતંગ-દોરીનુ વેચાણ કરતા લોકો જાહેર જનતાને અડચણરુપ થતા અટકાવવાના રહેશે તેમજ ટ્રાફીક જામ ન થાય તે અંગે તકેદારી રાખવાની રહેશે. ઉપરોકત કાર્યવાહી દિવસના બે સેશનમાં બપોર પછી કરવાની રહશે.

(vii) તપાસ દરમ્યાન પ્રતિબંધિત ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વિગેર રાજય બહારથી કે દેશ બહારથી કે દેશ બહારથી આયાત થયેલાનું ધ્યાનમાં આવ્યેથી આ અંગે Customs & Central Excise અથવા GST (Stale) અથવા GST (Central) વિગેરે વિભાગો સાથે સંકલન કરી, ઉપરોકત પ્રતિબંધિત વસ્તુઓ રાજયમાં પ્રવેશ ના કરી શકે તે માટે સજજડ કાર્યવાહી કરવી.

(viii) આપના કાર્યક્ષેત્રના District Education Officer/Block Education Officer અનેવિશ્વવિદ્યાલયો/મહાવિદ્યાયાલયો/ શાળાઓના સત્તાધિશોનો સંપર્ક કરી, વિધ્યાર્થી સમુદાયમાં ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/ glass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વિગેરેની હાનીકારકતા અંગે જાગૃતી લાવવા માટે સેફટી માર્ચ જેવા કાર્યક્રમો યોજવા.

(ix) આપના કાર્યક્ષેત્રમાં જીવદયા પ્રવૃત્તિ સાથે સંકળાયેલ બિન સરકારી સેવા સંસ્થાઓ (NGO) ને સંપર્ક કરી, જન જાગૃતી કાર્યક્રમો યોજવા. કરુણા અભિયાન અંતર્ગત એમ્બ્યુલન્સ તેમજ જીવદયા પ્રેમી સંસ્થાના સંપર્કમાં રહેવુ અને સમ્પર્ક નંબરો ઉપલબ્ધ રાખવા.

(x) જાહેર સ્થળો પાસે, ભીડ ભાડ વાળી જગ્યાએ કે જયાંથી વધુ લોકો સુધી સંદેશો પહોંચાડી શકાય તેવા સ્થળોએ લાગેલ LED Screens પર ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/gass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વિગેરેની હાનીકારકતા અંગે જાગૃતી સંદેશાઓ નિયમિત અંતરાલે પ્રસારીત થતા રહે તે માટે મહાનગરપાલિકા/રેવન્યુ વિભાગના અધિકારીઓ સાથે સંકલન કરવું.

(xi) સાયબર ક્રાઈમ તથા SOG, DCB નાઓએ ઈ પ્લોટફોર્મ ઉપર ઉપરોકત પ્રતિબંધિત ચીજવસ્તુઓની વેચાણ ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવી અને આવા ઈ પ્લેટફોર્મ કંપનીઓ જેવી કે એમેઝોન, ફલીપકાર્ટ વગેરે સાથે પત્ર વ્યવહાર કરવો જેથી આ પ્રકારનુ વેચાણ ના થાય. આવા ઈ પ્લોટફોર્મ ઉપરથી ઉપરોકત પ્રતિબંધિત ચીજવસ્તુઓ ખરીદનારની તમામ વિગતો જેવી કે, ખરીદનારનુ નામ, સરનામુ, કોનટેકટ નં, માલનો જથ્થો વિગેરેની વિગતો માંગી કાયદેસરની કાર્યવાહી કરવી.

(xii) પોલીસ ઈન્સ્પેકટરશ્રી કોમ્પ્યુટર શાખા/સાયબર ક્રાઈમ પો.સ્ટે. નાઓએ પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના તમામ સોશયલ મીડીયા એકાઉન્ટ ઉપર લોકોને ઉપરોકત વિગતે પોસ્ટ/વિડિયો બનાવી જાગૃત કરવા તેમજ તે પોસ્ટ/વિડીયોની બહોળી પ્રસિદ્ધી કરાવવી. બધી પોસ્ટ/વિડીયો દરેક થાણા અધિકારીઓ/ACP શ્રી નાઓને મોકલાવવી અને તેઓ દ્વારા સ્થાનીક મિડીયા તેમજ જાણીતા વ્હોટસ એપ ગ્રુપમાં મોકલવી.

૩. આપના પો.સ્ટે.વિસ્તારમાં ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/સીન્થેટીક માઝા/ સીન્થેટીક પદાર્થોની કોટીંગ કરેલ હોય/નોન-બાયોડિગ્રેડેબલ/ gass coated nylon thread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ), તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી અને પતંગ ચગાવવા માટે ઉપયોગમા લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના (તુક્કલ) વિગેરેના ગેરકાયદેસર ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ અંગે કરેલ કાનુની કાર્યવાહી અંગે print/electronoc/digital/social media માં બહોળી પ્રસિધ્ધિ આપવા અને ગુનાહિત પ્રવૃત્તિ કરનારાઓમાં deterrence ઉભો થાય તે મુજબની કાર્યવાહી કરવા સુચના છે.

હુકમ

ભારતીય નાગરકિ સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ની કલમ-૬૩ (એ) (૨) અન્વયે કાઢેલ

ક્રમાંકઃG/CP/વિ.શા./જાહેરનામુ/૬૫૪૫/૨૦૨૪.- (૧) ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યકિતઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારુની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉના સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસમાજીક તત્ત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિન અધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ(પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરુરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણાવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે, ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરુરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રુએ વાસ્તે હું નરસમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનરેટ, વડોદરા શહેર આથી હુકમ કરુ છું. વડોદરા શહેર પોલીસ કમિશ્રરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરુરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણાવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણે/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરુરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યકિત/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

વેચાણ/ભાડે લઈ જનારની વિગત						સાધનોની વિગત		વિગત		ભાડે લઈ જનારની સહિ
અનુ. નં.	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામું	મો. નં.	હેતુ	વિસ્તાર	આઈ.ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	ભાડે આપ્યાની તારીખ	સમય	

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તા.૨૮/૧૧/૨૦૨૪ ના કલાક ૦૧:૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૪ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશન રેટ હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

જે વ્યકિતઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યકિતઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો તથા તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એકટ કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૭/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના રચનાં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

ક્રમાંકઃG/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૬૫૪૬/૨૦૨૫.- વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમો કરુ છુંકે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૨૮/૧૧/૨૦૨૪ ના કલાક : ૦૧/૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૪ ના કલાકઃ૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર તથા શારીરિક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/ દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાર્ધ વગાડવા ઉપર.

(ઠ) જે છટાદારા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહિ.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંધન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંકઃG/CP/વિ.શા./અનઅધિ.વ્યકિત જાહેરનામું/૬૫૪૭/૨૦૨૪ પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

જેથી હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહતિા-૨૦૨૩ (સન ૨૦૨૩નો કમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સતૂતાની રૂએ આથી હુંકમ કરુ છું કે,

પોલીસ કમિશનર, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી(ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજ-રોજ

મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તા.૨૮/૧૧/૨૦૨૪ ના કલાક ૦૧:૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૪ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે

અમલવારીનો સમય વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળને અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ-૧૩૫(૩) શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬) હુકમ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંકઃG/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૬૫૪૮/૨૦૨૪ વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી-જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમશિનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહતિા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને સત્તાની રુએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

પ્રતિબંધિત કૃત્યો

વડોદરા પોલીસ કમશિનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

અમલવારીનો સમય તથા વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખઃ૨૮/૧૧/૨૦૨૪ ના કલાક ૦૧:૦૦ થી તારીખઃ૧૨/૧૨/૨૦૨૪ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫(૩) મુજબ તથા શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૩(૧).૩૭(૧)(એફ) અન્વયે કાઢેલ.

ક્રમાંક : G/CP/વિ.શા./ જાહેરનામું/ધ્વનિ પ્રદુષણ/૬૫૪૯/૨૦૨૪.-વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાઈ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નંગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪-૫-૨૦૧૦ થી ધોંધાટ ઉત્પત્ર કરતા અને નિપજાવતા સ્ત્રોતાના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા. ૧૪-ફેબ્રઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૦૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		રેસીબલ DB(A) Leq	
		સવારના ક.૬-૦૦ થી રાત્રીના ક.૨૨-૦૦	રાત્રીના ૨૨-૦૦ થી સવારના ક.૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગની ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧-૧-૨૦૧૦ નાં સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રીના સમયગાળામાં રાત્રિના ક.૨૨-૦૦ થી સવારના ક.૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પત્ર થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

હુકમ

વાસ્તે હું નરસમ્હિા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ-૧૪ નીચે બહાર

પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબરઃજીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રુએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અમલનો સમય

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તાઃ૧૮/૧૧/૨૦૨૪ ના કલાક ૦૧-૦૦ થી તાઃ૧૨/૧૨/૨૦૨૪ના કલાકઃ૨૪-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈન્વેટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીક ના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેર માર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોવોલિટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોવોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલ્લંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL:NGT:GENERAL:115(2)528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકિતએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/ લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનું વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

(૧) માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે.વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી-૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

(૨) વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

(૩) વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/ વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહી.

(૪) આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

(૫) આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

(૬) અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરની પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

(૭) માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

(૮) અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/ વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક:૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

(૯) કોઈપણ વિસ્તારમાં ધોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૧૦) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

(૧૧) ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહી.

(૧૨) માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

(૧૩) ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણઓ જપ્ત કરી કાયદેસર કરી શકશે.

(૧૪) ઉપરોકત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઈપણ સંજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામાના હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ જી.પી.એકટ કલમ-૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૭/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનીયમ એકટ સને-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ),૩૩(૧)(ભ),૧૧૩ મુજબ અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./મકરસક્રાંતિ જાહેરનામું/૬૬૭૪/૨૦૨૪.–આગામી તા.૧૪/૦૧/૨૦૨૫ ના રોજ વડોદરા શહેરમાં મકરસંક્રાતિ (ઉતરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) વડોદરા શહેર વિસ્તારમાં જાહેર માર્ગો /રસ્તાઓ કે મકાનના ભયજનક ધાબા ઉપર ચડીને લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનનું જોખમ ઉભું થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર માર્ગ રસ્તા ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમ તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફિક અવરોધ ઉભો કરતા હોય છે. તેમજ રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ ઈલેકટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઈલેકટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે ટેલીફોન/ઈલેકટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કિટના કારણે તથા શોર્ટ સર્કિટના કારણે તાર તુટી જવાના કારણે અકસ્માતો સર્જાય, ગંભીર બનાવો બનતા હોય છે. અને અકસ્માત થવાની સંભાવનાઓ રહેલી છે. તેમજ આ પર્વના દિવસે શહેર વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરતા હોય છે અને આમ જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાંખતા હોય છે, જેને અનુલક્ષીને જાહેરમાર્ગો(રસ્તાઓ) ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઈ વ્યકિતના શરીરના કોઈ ભાગમાં ઘસાવાથી શરીર ઉપર તિક્ષણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને કયારેક અંગો કપાય જવાના બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે વડોદરા શહેર વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપત્તીને નુકશાન થાય છે. તેમજ શહેરમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય, જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વયવસ્થાની જાળવણી હેતુસર જાહેર હિતમાં પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ મુજબ મને મળેલ સત્તાની રૂપે વડોદરા શહેરમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રીના દરજજાથી પો.હેડ કોન્સ.નો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું અને નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધીત કૃત્યોઃ-

(૧) કોઈ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાવવા ઉપર.

(૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર,

(૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર,

(૪) કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવીને આમ તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરવા ઉપર તેમજ ટેલીફોન કે ઈલેકટ્રીકના તાર ઉપર લોખંડ કે કોઈપણ ધાતુના તાર, લંગર (દોરી) નાખવા ઉપર તેમજ તારમાં ભરાયેલા પતંગ કે દોરી કાઢવા ઉપર.

(૫) કોઈપણ વ્યકિતઓ દ્વારા જાહેર માર્ગ ઉપર ઘાસચારાનું વેચાણ કરવા ઉપર તેમજ જાહેર રસ્તા ઉપર ગાયો / પશુઓને ઘાસચારો નાખી ટ્રાફીક અવરોધ ઉભો કરવા ઉપર

(૬) કોઈપણ પ્રકારના પ્લાસ્ટીક, પાકા સિન્થેટીક મટીરીયલ, ટોકસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચ તથા અન્ય હાનિકારક પદાર્થનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટીક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરા તથા આયાતી દોરાની આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કરવા ઉપર તેમજ આવા દોરાનો ઉપયોગ કરી પતંગો ઉડાડવા ઉપર.

(૭) ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન, સ્કાય લેન્ટર્નના જથ્થાબંધ વેપાર તથા આયાત કરી ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર / ઉડાડવા ઉપર.

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૦૭/૧૨/૨૦૨૪ ના કલાક ૦૧:૦૦ થી તા.૧૬/૦૧/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંકઃ વિશેષ શાખા/નો ડ્રોન ફ્લાય ઝોન/૫૯૮૭/૨૦૨૪.–ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા સ્પેન દેશના માનનીય વડાપ્રધાન શ્રી પેડ્રો સાંચેઝ નાઓ તા.૨૭,૨૮/૧૦/૨૦૨૪ ના રોજ વડોદરા શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્ત્વો માનવ રહિત રીમોટ સંચાલીત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલીત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB- CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, પોલીસ કમિશનર, વડોદરા શહેર, (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNNS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ આ નીચે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં અઆ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ વડોદરા શહેરના તમામ વિસ્તારોમાં ''નો ડ્રોન ફ્લાય ઝોન'' જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતાં ડ્રોન (DRONE), કવાડ કોપ્ટર (QUAD COPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરા ગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/કરવાની મનાઈ ફરમાવું છું.

અપવાદ

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોકત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

આ હુકમ તા. ૨૬/૧૦/૨૦૨૪ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૧/૧૦/૨૦૨૪ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૫/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

નરસિમ્હા કોમાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

:: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (બી), અન્વયે કાઢેલ.

ક્રમાંક:ટ્રાફિક/કૃભકો રેલ્વે ફાટક/LC-01 & 02/વાહન પ્રતિબંધ/જાહેરનામું/૧૧૫૭/૨૦૨૫.–સુરત શહેર વિસ્તારમાં હજીરા સ્થિત કૃભકો કંપનીની રેલ્વે લાઈન કોસાડ/ગોથાણ ગામથી કૃભકો કારખાના સુધી આવેલ છે. જેમા કૃભકો ગોઠાણ ગામથી કોસાડ જવા માટે કૃભકો રેલ્વે લાઈન કોસિંગ LC-01 & 02 ફાટક આવેલ છે. આ ફાટક પાસે રેલ્વેનાં પાટાનું કૃભકો દ્વારા તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૦૯/૦૦ થી તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૧૮/૦૦ વાગ્યા સુધી સમાર કામ કરવામાં આવનાર હોય સમારકામ દરમ્યાન વાહનોની અવર-જવર થાય તો આ રેલ્વે લાઈનની સમારકામની કામગીરી કરવામાં અવરોધ ઉભો થાય તેવી પરિસ્થિતી છે. જેથી ગોઠાણ ગામથી કોસાડ તરફ જવા માટે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવા માટે કૃભકો કંપનીનાં જનરલ મેનેજરશ્રી એસ. ટી. મકવાણા નાઓ દ્વારા અરજી કરવામાં આવેલ છે. જે અંગે અત્રેની

કચેરીએથી ટ્રાફિકનાં નિયમોની ચુસ્તપણે પાલન કરવાની શર્તે હકારાત્મક અભિપ્રાય આપેલ છે. જેથી ગોઠાણ ગામથી કોસાડ જવા માટેના રોડ પર તમામ વાહનોની અવર-જવર પર તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૧૮/૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ મુકવો જનહિતાર્થે જરૂરી જણાય છે.

:: હુકમ ::

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (આઈ.પી.એસ) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ ૩૩(૧)બી મુજબ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના હદ વિસ્તારમાં આવેલ હજીરા ખાતે કૃભકો કંપનીની રેલ્વે લાઈન આવેલ છે. જેમાં કૃભકો ગોઠાણ ગામથી કોસાડ જવા માટે કૃભકો રેલ્વે લાઈન ક્રોસિંગ LC-01 & 02 ફાટક આવેલ છે. તે જગ્યાએ તમામ પ્રકારના વાહનોની અવર-જવર કરવા પર તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૦૯/૦૦ થી તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૧૮/૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ ફરમાવું છું.

:: વિકલ્પ ::

કૃભકો ગોઠાણ ગામથી કોસાડ જવા LC-01 & 02 પર અવર-જવર કરવા માટે કૃભકો LC-03 & 04 નો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૦૯/૦૦ થી તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૧૮/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૦/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી-સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/૧૯૩૫/૨૦૨૫.–વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં તા.૧૩/૦૪/૨૦૨૫ ના ક.૦૯/૩૦ થી ક.૧૨/૩૦ તથા ૧૫/૦૦ થી ૧૮/૦૦ દરમ્યાન ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા બિનહથિયારી પો.સ.ઈ ની લેખીત પરીક્ષા વડોદરા શહેર વિસ્તારમાં કુલ-૭૦ કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલ/હાઈસ્કુલોમાં પરીક્ષા લેવામાં આવનાર છે, તે કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.

આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતીઓ ન થાય પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષાઓમાં ગેરરીતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનો જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, તા.૦૫/૦૪/૨૦૨૫ના અધ્યક્ષ અને પોલીસ મહાનિદેશક, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગુ.રા. ગાંધીનગર નાઓના પત્ર (S.O.P) ક્રમાંક: GPRB/UPS/લેખીત પરીક્ષા/૩૦૫/૨૦૨૫ ના આધારે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી/૬/ફક/૧૦૮૮/૬૭૫૦/મ જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર અને મદદનીશ પોલીસ કમિશનર ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસો દરમિયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું,

-: કૃત્યો :-

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઈસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે-તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૧૩/૦૪/૨૦૨૫ રોજ ક.૦૭/૩૦ થી ક.૨૦/૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન, વાયરલેસ, સ્માર્ટવોચ, બ્લુટુથ, કેમેરા, લેપટોપ, સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઈ નહી તે માટે સવારે ક.૦૭/૩૦ થી ક.૨૦/૦૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બિનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.

-વિસ્તાર:-

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ બિન હથિયારી પો.સ.ઈ લેખીત પરીક્ષા કેન્દ્રની શાળાઓ / હાઈસ્કુલની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારમાં આ જાહેરનામું લાગુ પડશે. જે પરીક્ષા કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

બિન હથિયારી પો.સ.ઇ લેખીત પરીક્ષા કેન્દ્રો -૨૦૨૫

અ.નં.	પરીક્ષા કેન્દ્રો	પોલીસ સ્ટેશન
૧	ગુજરાત પબ્લીક સ્કુલ, (AACT) બી.આર.ડી. કેમ્પસ, અટલાદરા બ્રિજ પાસે, વડોદરા	અટલાદરા
૨	BAPS સ્વામીનારાયણ વિદ્યામંદિર, પાદરા રોડ, અટલાદરા, વડોદરા	અટલાદરા
૩	એચ.એસ.પટેલ હાઇસ્કુલ ,વિશ્વ જયોતી આશ્રમ, વિશ્વામીત્રી,વડોદરા	રાવપુરા
૪	વિધાકુંજ હાઇસ્કુલ, વિશ્વામીત્રી મુજમહુડા વડોદરા	રાવપુરા
૫	શ્રી ગંગાબાઇ સાર્વજનિક હાઇસ્કુલ, છાણી, વડોદરા	છાણી
૬	ગુજરાત પબ્લીક સ્કુલ, (GSFC) બ્રીજ પાસે, છાણી, વડોદરા	છાણી
૭	સત્ય નારાયણ વિદ્યાલય, લક્ષ્મીપુરા રોડ, પંચવટી, ગોરવા, વડોદરા	ગોરવા
૮	શ્રી વિદ્યા મંદિર વિદ્યાલય , શિવમ પાર્ટી પ્લોટ, યશ કોપ્લેક્ષ, ગોત્રી રોડ, વડોદરા	લક્ષ્મીપુરા
૯	સંત કબીર વિદ્યાલય, વાસણા રોડ, રાણેશ્વર મંદિર પાસે, વડોદરા	ગોત્રી
૧૦	શબરી વિદ્યાલય સૈયદ વાસણા રોડ, વડોદરા	અકોટા
૧૧	રાઇટ વે સ્કુલ, વ્રજ વિહાર સોસા. તાંદલજા, વડોદરા	જેરોડ.પી.
૧૨	સી.એચ. વિદ્યાલય, ટી.બી. હોસ્પીટલ પાછળ, ગોત્રી રોડ, વડોદરા	ગોરવા
૧૩	નુતન વિદ્યાલય સુભાનપુરા, અતિથીગૃહ પાસે, સુભાનપુરા, વડોદરા	ગોરવા
૧૪	એલેમ્બીક વિદ્યાલય, એલેમ્બીક કોલોની, ગોરવા રોડ,વડોદરા	ગોરવા
૧૫	ઉત્કર્ષ વિદ્યાલય, લાયન્સ હોલ, ગદાપુરા, વડોદરા	અકોટા
૧૬	તેજસ વિદ્યાલય, આત્મજયોત આશ્રમ રોડ, ઈલોરા પાર્ક, વડોદરા	ગોરવા
૧૭	વિઠલ વિદ્યાલય, ગેંડા સર્કલ, સારાભાઇ માર્ગ, વડી વાડી, વડોદરા	સયાજીગંજ
૧૮	યાંશી હાઇસ્કુલ, દ્વારકેશ બીલ્ડીંગ, મકરપુરા એસ.ટી. ડેપો, વડોદરા	મકરપુરા
૧૯	ન્યુ ઇરા હાઇસ્કુલ, નોવીનો બેટરીની સામે, મકરપુરા રોડ, વડોદરા	મકરપુરા
૨૦	શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, જી.આઇ.ડી.સી.કોલોની સામે, ESI હોસ્પિટલ, મકરપુરા	માંજલપુર
૨૧	ઓકઝીલીયમ કોન્વેન્ટ હાઇસ્કુલ, મકરપુર રોડ, સુસેન સર્કલ પાસે, વડોદરા	માંજલપુર
૨૨	ઉમા વિદ્યાલય , સોમનાથ નગર પાસે, તરસાલી, વડોદરા	મકરપુરા
૨૩	મહાત્મા ગાંધી વિદ્યાલય, માંજલપુર પેટ્રોલપંપ પાછળ, માંજલપુર નાકા, વડોદરા	માંજલપુર
૨૪	પંચશીલ વિદ્યાલય ઈવામોલ પાછળ,જી.આઈ. ડી.સી. રોડ,માંજલપુર, વડોદરા	માંજલપુર
૨૫	અંબે સ્કુલ, દરબાર ચોકડી રોડ, માંજલપુર, વડોદરા	માંજલપુર
૨૬	સ્વામી વિધાનંદજી વિદ્યા વિહાર, ગીતા મંદિર પ્રતાપનગર રોડ, વડોદરા	વાડી
૨૭	ઝેનીથ સ્કુલ, (ગુ.મા.) ડભોઇ રોડ, પ્રતાપનગર વડોદરા	વાડી
૨૮	બરોડા હાઇસ્કુલ (ગુ.મા.) અશોક કોલોની પાસે, , દંતેશ્વર, વડોદરા	મકરપુરા
૨૯	કેળવણી ટ્રસ્ટ વિદ્યાલય, અકોટા મ્યુનિસીપલ સ્ટેડીયમની પાછળ, અકોટા, વડોદરા	અકોટા
૩૦	વિદ્યુત બોર્ડ વિદ્યાલય, (અ.મા.) વિદ્યુતનગર કોલોની, ઓ.પી.રોડ, વડોદરા	અકોટા
૩૧	વિદ્યુત બોર્ડ વિદ્યાલય, (ગુ.મા.) વિદ્યુતનગર કોલોની, ઓ.પી.રોડ, વડોદરા	અકોટા
૩૨	શૈશવ સ્કુલ, GSEB, ગોત્રી સેવાસી રોડ, વડોદરા	ગોત્રી

૩૩	બેન્જામીન વર્લ્ડ સ્કુલ, ગાયત્રી પાર્ટી પ્લોટ પાસે, અલંગ હાઇસ્કુલ સામે, ગોત્રી, વડોદરા	લક્ષ્મીપુરા
૩૪	એસ.એસ.વી.સ્કુલ -૨, શ્રી ગોકુલ રેસી. પાસે, સોમા તળાવ વડોદરા	પાણીગેટ
૩૫	ક્રિસ્ટલ સ્કુલ, પરીવાર ચાર રસ્તા પાસે, ડભોઇ વાઘોડીયા રીંગ રોડ, વડોદરા	કપુરાઇ
૩૬	હેવન વિદ્યાલય, વૃંદા બસ સ્ટોપ પાસે, વાઘોડીયા રોડ, વડોદરા	બાપોદ
૩૭	સરદાર વલ્લભભાઇ વિદ્યાલય, રામપાર્ક સોસા. આજવા રોડ,વડોદરા	બાપોદ
૩૮	એસ.એસ.વી.સ્કુલ -૩, (ગુ.મા.) ભવન્સ પાર્ટી પ્લોટ પાસે, બાપોદ, વડોદરા	બાપોદ
૩૯	શ્રી અંબે વિધ્યાલય, બાપોદ જકાત નાકાપાસે, વાઘોડીયા રોડ, વડોદરા	કપુરાઇ
૪૦	સરસ્વતી વિદ્યામંદિર, સરદાર એસ્ટેટ પાછળ, આજવા રોડ, વડોદરા	બાપોદ
૪૧	એસ.ડી પટેલ વિદ્યાલય, જય યોગેશ્વર ટાઉન શીપ-૧, આજવા રોડ, વડોદરા	બાપોદ
૪૨	રોયલ હાઇસ્કુલ, અમરદીપ હેરીટેઝ, કમળા નગર તળાવ, આજવા રોડ, વડોદરા	બાપોદ
૪૩	સાધુ વાસવાણી વિદ્યામંદિર, એરપોર્ટ રીંગ રોડ, હરણી, વડોદરા	વારસીયા
૪૪	રઘુકુળ વિદ્યાલય, ન્યુ વી.આઇ. પી. રીંગ રોડ, સ્નેહલ પિન્ટીંગ પ્રેસ, સરદાર એસ્ટેટ,	બાપોદ
૪૫	વિદ્યામંદીર વિદ્યાલય, વ્યાસ ભવન , શાહીબાગ સોસ.હરણી વારસીયા રીંગ રોડ,	વારસીયા
૪૬	બરોડા હાઇસ્કુલ, બગીખાના, પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા	નવાપુરા
૪૭	નવજીવન હાઇસ્કુલ, પોલો ગ્રાઉન્ડ સામે, બગીખાના, વડોદરા	નવાપુરા
૪૮	શ્રેયસ વિદ્યાલય, (અ.મા.) શ્રી રજનીકાંત જાની માર્ગ, માંજલપુર વડોદરા	મકરપુરા
૪૯	ગુરુકુળ વિદ્યાલય, હરણી વારસીયા રીંગ રોડ, વડોદરા	વારસીયા
૫૦	શ્રી લધારામ સ્કુલ (અ.મા.) નજરબાગ પાછળ, મહેતા પોળ, માંડવી, વડોદરા	સીટી
૫૧	હરીસેવા વિદ્યાલય, એસ.કે. કોલોની મ્યુનિસીપલ ગાર્ડન પાસે, વારસીયા , વડોદરા	વારસીયા
૫૨	નવયુગ (અ. મા.) સ્કુલ આનંદવન સોસા. ન્યુ સમા રોડ, વડોદરા	સમા
૫૩	નુતન વિદ્યાલય, કસતુરબા નગર સોસા. ન્યુ સમા રોડ, વડોદરા.	સમા
૫૪	ન્યુ સર્વમંગલ સ્કુલ, ક્રિષ્નશ્રેય પાછળ, રિયા રેવતી રીસોર્ટ , સમા સાવલી રોડ, વડોદરા	સમા
૫૫	જે.આર. શાહ બ્રાઈટ ડે સ્કુલ, અમિટ કોમ્પ્લેક્ષ વી.આઈ.પી.રોડ કારેલીબાગ વડોદરા	હરણી
૫૬	સર્વમંગલ સ્કુલ, મેટ્રો હોસ્પિટલ પાસે, હરણી, વડોદરા	હરણી
૫૭	ઉર્મી સ્કુલ, ઉર્મી બ્રીજ, સમા સાવલી રોડ, વડોદરા	સમા
૫૮	શ્રી નારાયણ વિદ્યાલય, વૃંદાવન ટાઉનશીપ, સંગમચાર રસ્તા હરણી, વડોદરા	વારસીયા
૫૯	લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય સંગમ ચાર રસ્તા, હરણી રોડ, વડોદરા	કારેલીબાગ
૬૦	બ્રાઇટ (અં.મા.) સ્કુલ જે.એમ.પંડયા હોલ પાસે,એરપોર્ટ રોડ, હરણી, વડોદરા	હરણી
૬૧	મહારાણી ઇંગલિશ મિડીયમ વિદ્યાલય કેનેરા કેફે, હાઉસ દાંડીયા બજાર, વડોદરા	રાવપુરા
૬૨	મહારાણી કન્યા વિદ્યાલય સુરસાગર, વડોદરા	રાવપુરા
૬૩	એમ.ઇ.એસ.બોયઝ હાઇસ્કુલ યાકુતપુરા, વડોદરા	સીટી
૬૪	સરદાર વિનય મંદિર, સરાદાર છાત્રાલય,કારેલીબાગ, વડોદરા	કારેલીબાગ
૬૫	શ્રી જલારામ વિદ્યાલય, સરાદાર છાત્રાલય,કારેલીબાગ, વડોદરા	કારેલીબાગ
૬૬	જીવન સાધના (અ.મા.) નવી ધરતી, કારેલીબાગ પો.સ્ટે. પાસે, વડોદરા	કારેલીબાગ
૬૭	ધ ન્યુ ઈરા ગર્લ્સ હાઇસ્કુલ, ભુતડિઝાપા, કારેલીબાગ પો.સ્ટે. પાસે, વડોદરા	કારેલીબાગ
૬૮	શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલય, આર્ય કન્યા રોડ, હીરાવંતી ચેમ્બર્સ, કારેલીબાગ, વડોદરા	કારેલીબાગ
૬૯	બરોડા હાઇસ્કુલ, જે.આર.-૨, અલ્કાપુરી, વડી વાડી એક્ષપ્રેસ હોટલ સામે, વડોદરા	સયાજીગંજ
૭૦	કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરી ગલ્સ સ્કુલ, ૨૨ કેમ્પસ, ફતેગંજ , વડોદરા	ફતેગંજ

-: અપવાદ :-

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત પોલીસ ભરતી બોર્ડના તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશનર થી અ.હે.કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

:-સમયગાળો:-

આ હુકમ પરીક્ષાના દિવસ દરમયાન તા.૧૩/૦૪/૨૦૨૫ ના ક.૦૭/૩૦ થી ક.૨૦/૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૧૦/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.

ક્રમાંક :G/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૧૯૪૪/૨૦૨૫.–વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી- જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

-: પ્રતિબંધિત કૃત્યો :-

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા -સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: અપવાદ :-

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

-:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખ:૧૨/૦૪/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૨૬/૦૪/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૦/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ ની કલમ- ૬૩(એ)(૨) અન્વયે કાઢેલ.

ક્રમાંક :G/CP/વિ.શા./સૈન્ય ગણવેશ જાહેરનામું/૧૯૪૫/૨૦૨૫.–ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હું નરસિમ્હા કોમર, I.P.S., પોલીસ કમિશનર,વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

ભાડે/વેચાણ લઈ જનારની વિગત						સાધનોની વિગત		વિગત		ભાડે લઈ જનારની સહિ
અ.નં	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામુ.	મો.નં.	હેતુ	વિસ્તાર	આઈ.ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	ભાડે આપ્યાની તારીખ	સમય	

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૧૨/૦૪/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./અનઅધિ.વ્યક્તિ જાહેરનામું/૧૯૪૬/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

જેથી હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જીલ્લા કલેકટરની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૧૨/૦૪/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-: અમલવારીનો વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫ ની કલમ.(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ્માં વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

:: જાહેરનામું ::

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટ કલમ ૩૩(૧), ૩૭(૧) (એફ) અન્વયે કાઢેલ. :

ક્રમાંક :G/CP/વિ.શા./ધ્વનિ પ્રદૂષણ જાહેરનામું/૧૯૪૭/૨૦૨૫.–વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળા.એ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦
એ	ઔદ્યોગીક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૪ નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:અમલવારીનો સમય:-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૧૨/૦૪/૨૦૨૫ના કલાક:૦૧-૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ના કલાક: ૨૪-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: પ્રતિબંધિત કૃત્ય :-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાર્ન્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL: NGT:GENERAL:115(2)/528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકતિએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનુ વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઈપણ સંજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૦/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૧૯૪૮/૨૦૨૫.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છુંકે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૨/૦૪/૨૦૨૫ના કલાક:૦૧/૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:: વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

નરસિમ્હા કોમાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/૨૧૧૧/૨૦૨૫.–વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા ગુજરાત મુલ્કી સેવા વર્ગ ૧-૨ અને ગુજરાત નગર પાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૦૨ (જ.ક.૨૪૦/૨૦૨૪-૨૫)ની પરીક્ષા તા.૨૦/૦૪/૨૦૨૫ ના ક.૧૨/૦૦ થી ક.૧૫/૦૦ વાગ્યા દરમ્યાન કુલ-૧૮ કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલ/હાઈસ્કુલોમાં લેવામાં આવનાર પરીક્ષા કેન્દ્રની યાદી પેટામાં સામેલ છે. આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા, જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ સરળ પરીક્ષાના સંચાલન માટે કેટલીક પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડો. લીના પાટીલ, I.P.S., I/c પોલીસ કમિશનર, વડોદરા શહેર જિલ્લા કો-ઓર્ડીનેટર અને કલેકટર વડોદરા નાઓના પત્ર ક્રમાંક: કભય/GPSC/વશી/૩૧૪/૨૦૨૫ તા.૧૬/૦૪/૨૦૨૫ ના આધારે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી/૬/ફક/૧૦૮૮/૬૭૫૦/મ જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર અને મદદનીશ પોલીસ કમિશનર ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસો દરમિયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું,

-: પ્રતિબંધીત કૃત્યો :-

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઈસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે-તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૨૦/૦૪/૨૦૨૫ ના રોજ (પરીક્ષા દિવસ દરમ્યાન) સવાર ક.૦૮/૦૦ થી ક.૧૭/૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન, વાયરલેસ, સ્માર્ટવોચ, બ્લુટુથ, કેમેરા, લેપટોપ, સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઈ નહી તે માટે સવારે ક.૦૭/૩૦ થી ક.૨૦/૦૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બિનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.

-વિસ્તાર:-

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ બિન હથિયારી પો.સ.ઈ લેખીત પરીક્ષા કેન્દ્રની શાળાઓ / હાઈસ્કુલની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારમાં આ જાહેરનામું લાગુ પડશે. જે પરીક્ષા કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

-: પરીક્ષા કેન્દ્ર:-

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ પરીક્ષા કેન્દ્રની શાળા/હાઈસ્કુલની વિગત નીચે મુજબ છે.

અ.નં	પરીક્ષા કેન્દ્ર	પોલીસ સ્ટેશન
૧	શ્રી નારાયણ વિધાલય, વૃન્દાવન ટાઉનશીપ સામે, સંગમ ચાર રસ્તા હરણી	વારસીયા
૨	લાલબહાદુર શાસ્ત્રી વિધાલય, સંગમ ચાર રસ્તા હરણી વડોદરા	કારેલીબાગ
૩	નુતન વિધાલય, કસ્તુરબાનગર, અયપ્પા મંદિરની બાજુમાં સમા રોડ વડોદરા	સમા
૪	સરસ્વતી વિધ્યાલય કદમનગર,ન્યુ સમા રોડ,વડોદરા	સમા
૫	શ્રી સ્વામી વિવેકાનંદ વિધાલય, પરીવાર ચાર રસ્તા, વાઘોડીયા-ડભોઈ રીંગ રોડ	પાણીગેટ
૬	એસ.એસ.વી. સ્કુલ-૨, સોમા તળાવ,ગોકુલ રેસીડેન્સી સોમા તળાવ, વડોદરા.	પાણીગેટ
૭	શ્રી અંબે વિધ્યાલય, બાપોદ જકાત નાકાની બાજુમા વાઘોડીયા રોડ વડોદરા	કપુરાઇ
૮	સત્યનારાયણ વિધાલય, લક્ષ્મીપુરા રોડ, ગોરવા વડોદરા	ગોરવા
૯	સી.કે.પ્રજાપતિ વિધાલય, વિભાગ-૨, રીફાઇનરી રોડ, અંબીકાનગર ગોરવા	ગોરવા
૧૦	એલેમ્બિક વિધાલય, રીફાઇનરી રોડ, ગોરવા રોડ, વડોદરા.	ગોરવા
૧૧	ગુરુકુળ વિધ્યાલય યુનીટ-૧, વારસીયા રીંગ રોડ, મોતીનગર, વડોદરા	વારસીયા
૧૨	ગુરુકુળ વિધ્યાલય યુનીટ-૨, વારસીયા રીંગ રોડ, મોતીનગર, વડોદરા	વારસીયા
૧૩	એસ.ડી. પટેલ વિધ્યાલય, જય યોગેશ્વર ટાઉનશીપ પાર્ટ -૧, આજવા રોડ,	બાપોદ
૧૪	રોયલ હાઈસ્કુલ કમલાનગર તળાવ પાછળ, અમરદીપ હેરીટેજ, આજવા રોડ,	બાપોદ
૧૫	ન્યુ ઇરા હાઇસ્કુલ, નોવિનો બેટરી સામે, મકરપુરા રોડ, મકરપુરા વડોદરા	મકરપુરા
૧૬	લાલબહાદુર શાસ્ત્રી વિધ્યાલય, હનુમાન મંદિર પાસે, મકરપુરા, વડોદરા	મકરપુર
૧૭	શ્રેયસ વિધ્યાલય, (ગુ.મા.) રજની કાંન્ત જાની માર્ગ, માંજલપુર, વડોદરા	મકરપુરા
૧૮	શીવમ વિધ્યાલય મકરપુરા પાર્થ ભુમી, ન્યુ તુલસીધામ, GIDC રોડ, મકરપુરા	માંજલપુર

-: અપવાદ :-

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા અધિકૃત અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશનર થી અ.હે.કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

:-સમયગાળો:-

આ હુકમ પરીક્ષાના દિવસ દરમયાન તા.૧૩/૦૪/૨૦૨૫ ના ક.૦૭/૩૦ થી ક.૨૦/૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૧૭/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ડો. લીના પાટીલ,
I/c પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ.

નં.ડીસીબી/એમએજી-૧/૨જી.નં.૨૦/વશી.૧૬૩૬ થી ૧૬૮૭/૨૦૨૫ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડનાઓએ તેઓશ્રીના પત્ર જાવક નં./પરીક્ષા/૨૦૨૪-૨૫/૬૨૬૬ તા.૧૭/૦૨/૨૦૨૫ થી જણાવ્યા મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી યોજાનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એસ.એસ.સી અને એસ.એસ.સી. (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ બોર્ડની જાહેર પરીક્ષા યોજાનાર છે. ઉકત પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના સામેલ પરિશિષ્ટ-A,B,C અને D માં જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૧૦૦ મીટર ત્રિજયામાં ઝેરોક્ષમાં મશીનો બંધ રાખવા અને બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

વાસ્તે હું નૈમેષ દવે, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉકત પરીક્ષા દરમ્યાન પરિશિષ્ટ- A,B,C અને D માં જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી સવારે ૦૯/૦૦ થી સાંજના ૧૯/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ- ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવુ નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજવસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ,પુસ્તક, કાપલીઓ ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

